ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આજથી દહેગામ ખાતે મગફળીની ટેકાના ભાવે ખરીદી આરંભાશે

**આજ સુધીમાં ૪૯૦૦થી વધુ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે : પ્રથમ દિવસે ૫૦ ખેડૂતોને ઉત્પાદન લઈ આવવાના ફોન મેસેજ કરાયા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે આજથી ટેકાના ભાવે મગફળીની ખરીદીની પ્રક્રિયા શરૂ થશે. તંત્રે આ માટે રજીસ્ટ્રેશન કરાવેલ ૫૦ ખેડૂતોને તે અંગેના ટેલિફોનિક સંદેશાઓ પણ આપી દીધા છે.

ટેકાના ભાવે મગફળી ખરીદવાના નિર્ણયની સાથે સરકારે આખીય પ્રક્રિયા પારદર્શક બને તે માટે વિડીયોગ્રાફી તેમજ ગોડાઉન ખાતે સી.સી.ટી.વી. કેમેરાની સુવિધા કરવાનો પણ નિર્ણય કર્યો છે.

સરકારે ખરીદીની પ્રક્રિયા પછી કલેક્ટરોને પણ ગોડાઉનોના જથ્થાની તપાસ કરવા માટેની ખાસ સૂચનાઓ જારી કરી છે. આ ઉપરાંત ખરીદકેન્દ્ર ખાતે પોલીસ બંદોબસ્ત ગોડાઉન ખાતે પણ બંદોબસ્ત રાખવા ઉપરાંત પ્રાંત અધિકારી, ખેતીવાડી અધિકારી અને પુરવઠા અધિકારીઓને પણ સંયુક્ત ટીમ બનાવી સમાયંતરે પ્રક્રિયા પર સતત નજર રાખવા પણ જણાવ્યુ છે.

જિલ્લામાં દિપાવલી પછી પુનઃ રજીસ્ટ્રેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. અને જિલ્લામાં ૪૯૫૦થી વધુ ખેડૂતોએ તેમના ૨૯૦૦ હેક્ટરમાં મગફળીના થયેલા ઉત્પાદનને ટેકાના ભાવે વેચાણ કરવા રજીસ્ટ્રેશન કરાવેલ છે. જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં તૈયારીઓની સમીક્ષા પણ કરવામાં આવી છે.

હાલ જિલ્લામાં ડાંગરની ખરીદી પણ ટેકાના ભાવે ચાલી રહી છે તેથી કોઈ અન્ય પ્રશ્નો ઉભા થાય નહિ તે માટે પ્રથમ દિવસે ૫૦ ખેડૂતોને ફોન મેસેજ કરી અને ઉત્પાદન લઈ આવવા જણાવવામાં આવ્યુ છે. આ પછી ધીમે ધીમે ખેડૂતોની સંખ્યા વધારવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# જૂનાગઢના તત્કાલિન મ્યુનિસીપલ કમિશનર વી. જે. રાજપૂત સસ્પેન્ડ

ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ભ્રષ્ટાચાર આચરનારા અધિકારીઓ પ્રત્યે સખ્તાઇ દાખવતાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

તેમણે જૂનાગઢ મહાનગરપાલિકાના તત્કાલિન કમિશનર ૨૦૦૯ની બેચના આઇ.એ.એસ. અધિકારી શ્રી વી. જે. રાજપૂતને તેમણે જૂનાગઢના મ્યુનિસિપલ કમિશનર તરીકે આચરેલી ગેરરીતિઓ સંદર્ભમાં તાત્કાલિક અસરથી ફરજમોકૂફ સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ આ સનદી અધિકારી સામે ખાતાકીય તપાસ તેમજ પોલીસ તપાસના પણ આદેશો કર્યા છે.

શ્રી રાજપૂત સામે મ્યુનિસિપલ કમિશનર તરીકેના તેમના કાર્યકાળ દરમ્યાન નરસિંહ મહેતા સરોવર બ્યૂટીફિકેશન ટેન્ડરમાં તેમજ ડસ્ટબીનની ખરીદીમાં તથા વૃક્ષારોપણની કામગીરીમાં ગેરરીતિ આચારીને ગેરવર્તન, ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવ અને અપ્રમાણિકતા ભરી કામગીરી કરી હોવાના આક્ષેપોની ખાતાકીય તપાસ સોપવામાં આવી છે.

તદઉપરાંત, તેમની સામે ઢોર પકડ શાખામાં ભ્રષ્ટાચાર કરી ખોટા બિલો બનાવવા અને વાહન હરાજીમાં સારા વાહનો વેચી દેવાની ગેરરીતિ અંગે પોલીસ તપાસ કરવાના આદેશો કર્યા છે.



દિવાળી બાદ રંગરોગાન - દિવાળીના પર્વની ઉજવણી હજુ તો પૂરી નથી થઈ પરંતુ નવા ગાંધીનગરના રાજમાર્ગો પર સેન્ટ્રલ વીસ્ટાનું રંગરોગાન ચાલી રહ્યું છે... વાયબ્રન્ટ સમિટ-૨૦૧૯ માટે ગાંધીનગરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે... ટ્રાફીક સિગ્નલો નવા લગાવાઈ ચુક્યા છે... ચ-માર્ગ અને ઘ-માર્ગ પર રિસરફેસીંગનું પણ ધમધોકાર ચાલે છે... નાની-મોટી કચેરીઓમાં રિનોવેશનની કામગીરી આરંભાઈ ચુકી છે... રેલ્વે સ્ટેશન પરની ફાઈવ સ્ટાર હોટલનું બાંધકામ અંતિમ ચરણમાં ચાલી રહ્યું છે... આમ ગાંધીનગર લાભ પાંચમથી જ ધમધમતું થઈ ગયું છે...

# શહેરમાં ચ-કક્ષાના નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરાશે

**બી અને સી કક્ષાના આવાસો માટે હજુ સુધી સાઇટ નક્કી થઇ નથી : સે-૬ માં નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરાય તે માટે અભ્યાસ**

ગાંધીનગર તા ૧૪

શહેરમાં સરકારી આવાસો બાંધવાનુ કામ અટવાયુ છે. નવા આવાસો બાંધવા માટે સાઈટ નક્કી થતી નથી. આ માટે અગાઉ ખાલી જગ્યાનો સર્વે હાથ ધરાયા બાદ નાયબ મુખ્યમંત્રીએ સ્થળ મુલાકાત પણ લીધી હતી. બી અને સી કક્ષાના નવા આવાસો બાંધવા માટેનુ કામ અટવાતા આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. જયારે ચ કક્ષાના નવા આવાસો બાંધવા માટે પણ કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે. ટુંકમાં આ અંગે પણ સેકટરમાં સ્થળ નિયત કરી ચ કક્ષાના નવા આવાસો બાંધવા માટે આયોજન કરાશે.

શહેરમાં નવા સરકારી આવાસો બાંધવાનુ કામ છેલ્લા ૬ મહીનાથી અટવાયુ છે. નવા આવાસો બાંધવા માટે સાઈટ નક્કી થતી નથી. બી અને સી કક્ષાના આવાસો બાંધવા માટે અગાઉ સેકટરોમાં ખાલી જગ્યાનુ પ્રેઝન્ટેશન પણ ઉચ્ચ કક્ષાએ રજુ કરાયુ હતુ. પરંતુ હજુ સુધી નવા આવાસો બાંધવા માટે સાઈટ આખરી થઈ નથી. બી અને સી કક્ષાના નવા આવાસો બાંધવા માટે અગાઉ નાયબ મુખ્યમંત્રીએ સે-૬ માં પણ મુલાકાત લઈ જગ્યાનુ નિરિક્ષણ કર્યુ હતુ. જો કે હજુ આ મામલે હજુ સુધી નિર્ણય લેવાયો નથી. પરંતુ ટુંકમાં જ આ માટે સાઈટ નક્કી કરી દેવાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરમાં રહેણાંકને લાયક આવાસો નથી. જયારે કેટલાક સરકારી બ્લોક રીનોવેશન હેઠળ છે. બીજીતરફ સરકારી આવાસોની છત સલામત ન હોવાની ફરિયાદો અને કિસ્સાઓ અનેકવાર પ્રકાશમાં આવે છે ત્યારે સરકારી ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. બીજીતરફ શહેરમાં બી અને સી કક્ષાના આવાસો ઉપરાંત આગામી દિવસોમાં ચ કક્ષાના નવા આવાસો બાંધવા માટે પણ કામગીરી હાથ ધરાશે. જો કે આ મામલે હજુ સુધી વહીવટી મંજુરીની પ્રકીયા હાથ ધરવામાં આવી છે. પરંતુ ચ કક્ષાના આવાસો માટે આયોજન આખરી કરતા પુર્વે સાઈટ નક્કી કરી આગળની કાર્યવાહી હાથ ધરાશે.

**૧લી જાન્યુઆરીથી કુપોષણ મુકિત અભિયાનમાં**

# કુપોષિત બાળકોને પોષણક્ષણ બનાવવા અધિકારીઓ માટે દત્તક યોજના

**આંગણવાડીના રેડઝોનના બાળકો આરોગ્ય તંત્રના સેમ બાળકોની યાદીમાં ન હોવાની ગંભીર ક્ષતિથી આરોગ્ય તંત્ર ચિંતિત : કલેકટર-જિલ્લા વિકાસ અધિકારી આ અભિયાનના અમલનો સંયુકત રીતે જાતે રોડમેપ તૈયાર કરશે**

**(વિશેષ પ્રતિનિધિ દ્વારા)**

ગાંધીનગર, તા.૧૪

કુપોષણ મુકિત અભિયાનમાં બાળકોની સંખ્યાને લઈ પ્રવર્તતી વિસંગતતાઓ વચ્ચે જિલ્લા કલેકટરશ્રી એ.કે. લાંગાએ ૧લી જાન્યુઆરીથી જિલ્લામાં ઘનિષ્ટ રીતે કુપોષણ મુકિત અભિયાન ચલાવાશે તેવા સ્પષ્ટ સંકેત આપતાં જણાવ્યું હતું કે આવા બાળકોને તંત્રના અધિકારીઓ દત્તક લેશે.

આજે પત્રકારો સાથેના સ્નેહમિલન સમારોહ દરમિયાનની અનૌપચારિક વાતચીતમાં તેમણે આ સંકેત આપ્યો હતો. બાળકને કુપોષણ મુકત કરવા માટે અને સ્વસ્થ અને તંદુરસ્ત સમાજની રચના એ તેમની પરિકલ્પના હોવાનું કહ્યું હતું.

કલેકટર લાંગાએ કહ્યું હતું કે હાલ જિલ્લામાં ૩૯૯૫ જેટલા બાળકો કુપોષણથી પિડાઈ રહ્યા છે. આ કુપોષિત બાળકોમાં સેમ અને મેમ બાળકોનો સમાવેશ થાય છે. આ સઘન અભિયાન માટેનો રોડમેપ તૈયાર કરી દેવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે ચાલુ માસમાં રજાનો માહોલ વધુ છવાયેલો છે એટલે ડિસેમ્બર માસ દરમિયાન આ આખોય રોડમેપ તૈયાર થઈ જશે. બીજુ કે હાલ જિલ્લામાં કુપોષિત બાળકોને તારવવા માટેનું ચોથું અભિયાન આરોગ્ય વિભાગ અને મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા સંયુકત રીતે સુયોગ્ય સંકલનમાં રહી ચાલી રહ્યું છે જે પણ એકાદ બે સપ્તાહમાં પૂર્ણ થતાં આખુ ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

દરમિયાન આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી એવી ચોંકાવનારી હકીકત બહાર આવી છે કે ફેઝ-૪માં ખૂબ જ ઓછા સેમ બાળકો મળી આવેલ છે. જયારે આંગણવાડીમાં આવેલ રેડઝોનના બાળકોને અત્યારે સીએમટીસી અને એનઆરસીમાં દાખલ કરાયા છે. આ બાળકોમાં જ ઘણા બધા બાળકો સેમ કેટેગરીના જણાયા છે

● અનુસંધાન પાન-૭ પર

# નવા સેકટરોના આંતરિક વિસ્તારમાં અંધારપટ્ટ : ૧૦૦ થાંભલા બંધ

**દિવાળીના પર્વ ટાંણે પણ લાઇટો ડુલ રહેતા રહીશોમાં આક્રોશ : તસ્કરો ગમે ત્યારે તકનો લાભ ઉઠાવે તેવી દહેશત : સે- ૨ , સે-૩ , ૩ ન્યુ અને સે-૪ ના આંતરિક માર્ગો પર લાઇટો ડુલ રહેતા સાંજ ઢળતા જ અંધારપટ્ટ**

ગાંધીનગર તા ૧૪

શહેરના સે -૨ ,૩ ન્યુ અને સે-૪ માં સ્ટ્રીટ લાઈટો ડુલ છે. દિવાળીના તહેવાર ટાંણે જ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટ ડુલ રહેતા અંધારપટ્ટ જોવા મળી રહ્યો છે. દિવાળીના પર્વ દરમિયાન પણ આ સેકટરોમાં ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટ બંધ જોવા મળી હતી જયારે હાલની સ્થિતિએ પણ સેકટરોમાં ૧૦૦ જેટલા લાઈટના થાંભલા બંધ છે. સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવા માટે સ્થાનિક કોર્પોરેટર દ્વારા પણ તંત્રને રજુઆત કરવામાં આવી છે.

શહેરમાં એલ ઈ ડી લાઈટની જળહળા કરવાની સાથે વિજબીલની બચત થઈ રહી હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે. જો કે એલ ઈ ડી લાઈટના પ્રાજેકેટના અમલ બાદ સેકટરોમાં લાંબા સમય સુધી લાઈટો ડુલ રહેતી હોવાની વ્યાપક ફરિયાદો પણ આમ નાગરિકોના રોષનુ કારણ બની હતી. વારંવાર સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાનો આક્રોશ સેકટરવાસીઓમાં ઉઠતો હતો જેના અંતે તંત્ર દ્વારા સંબંધિત એજન્સીને સુચના આપી કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરવામાં આવ્યો હતો. જો કે હજુ પણ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેતી હોવાની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે દિવાળી ટાંણે સેકટરોના આંતરિક વિસ્તારમાં અંધારપટ્ટ હોવાનો રોષ પણ સ્થાનિકોમાં પ્રબળ બન્યો હતો. સેકટરોમાં વરસાદી દિવસો દરમિયાન મોટાભાગની લાઈટ ડુલ રહેતી હોવાનુ પણ ધ્યાને આવે છે. પરંતુ દિવાળીના તહેવાર ટાંણે પણ લાઈટ ડુલ રહેતા સેકટરોના આંતરિક વિસ્તારમાં અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. દિવાળી પર્વના દિવસો માં સે -૨ ,૩ ન્યુ તેમજ સે ૪ માં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી. જયારે હજુ પણ આ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના ૧૦૦ થી વધુ થાંભલા બંધ હોવાનુ ધ્યાને આવ્યુ છે. આવાં સંજોગોમાં સ્થાનિકોને તસ્કરો સક્રીય થાય તેવો ભય પણ સતાવી રહ્યો છે. સેકટરોમાં સાંજ ઢળતા જ સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા અંધારાનુ સામ્રાજય છવાઈ જાય છે.

**સર્વે નગરજનો તથા વાલીગણ અને વિદ્યાર્થીઓને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન**

**Mid-Term Admissions Open**



Here's a simple question: What has been one of the most significant periods in your life? Most would say: School – a place where you make friends for life, meet teachers who nurture you, where you learn, unlearn and pave way for a bright future. It is the foundation you build your dreams on. Let your child build that foundation here at Little Angels' School. Come, visit us today.

Admissions open now for

PlayGroup, LKg, UKg, Std I to Std VIII

Monday to Friday, 10am to 2pm

**Little Angels' School**

682/2, Govt Quarters, Sector-8, Gandhinagar. Call: 079-23245153

# રાજય જમીન વિકાસ નિગમ બંધ કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય

**સૌથી મોટી કૌભાંડ કચેરી તરીકે પર્દાફાશ થયો હતો : રૂપાણી સરકાર દ્વારા સૈદ્ધાંતિક લીલીઝંડી : નિગમના સ્ટાફ કર્મચારી અને વાહનોને પણ અન્ય ખાતાઓમાં ફાળવાશે**

અમદાવાદ, તા.૧૪

રાજયનાં સૌથી મોટા કૌભાંડકારી કોર્પોરેશન તરીકે સામે આવેલા જમીન વિકાસ નિગમને આખરે સરકારે તાળા મારવાનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે જમીન વિકાસ નિગમને બંધ કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. જો કે, હાલ પૂરતું જયાં સુધી સમગ્ર કામગીરી આટોપાશે નહી ત્યાં સુધી નિગમ ચાલુ રહેશે. તો બીજીબાજુ, નિગમના સ્ટાફ કર્મચારીઓ અને વાહનો પણ સરકારના અન્ય વિભાગો અને સંબંધિત ખાતાઓમાં જરૂરિયાત મુજબ ફાળવાશે. ઉલ્લેખનીય છે કે જળસંચયની કામગીરીમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હતો. એસીબીએ મોટાપાયે દરોડાઓ પાડી લાંચરૂશ્વતનું આ સમગ્ર કૌભાંડ પકડી પાડવામાં આવ્યું હતું. આ કૌભાંડમાં નિગમનાં તમામ ટોચનાં અધિકારીઓ સામેલ હોવાનું બહાર આવ્યું હતું. તો હવે રાજય સરકારે જમીન વિકાસ નિગમને બંધ કરવાને સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. સરકારે જમીન વિકાસ નિગમને તાળા મારવાનો નિર્ણય કર્યો છે. ગાંધીનગરમાં સેકટર-૧૦ ખાતે આવેલી આ નિગમની કચેરી બલરામ ભવનમાં જ નિગમના ઉચ્ચ અધિકારીઓના ખિસ્સા અને ટેબલમાંથી જ લાખો રૂપિયા પકડાતા ચકચાર મચી ગઈ હતી. જેમાં આ ભ્રષ્ટ અધિકારીઓના ઘર સહીત અન્ય રોકાણોમાં પણ કરોડો રૂપિયાની સંપત્તિ મળી આવતા અત્યારે કોર્ટ કાર્યવાહી ચાલી રહી છે. આ જમીન વિકાસ નિગમમાં જમીન સંપાદન સહીત જળસંચયની વિવિધ કામગીરીમાં લાંચ-રૂશ્વતના કરોડો રૂપિયાના કૌભાંડ પકડાયા છે. રાજ્ય સરકાર દ્વારાઆગામી લોકસભાની ચૂંટણીમાં વિપક્ષ દ્વારા આ નિગમના ભ્રષ્ટાચારનો મુદ્દો જ

● અનુસંધાન પાન-૭ પર

# ૨૩મીએ મુખ્ય સેવિકા અને નાયબ ચીટનીસ સંવર્ગની ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષા

ગાંધીનગર, તા. ૧૪

આગામી ૨૩મી તારીખે મુખ્ય સેવિકાની ભરતી તેમજ નાયબ ચીટનીસ સંવર્ગની ભરતી માટે પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં તંત્ર ગળાડૂબ બન્યુ છે.

મુખ્ય સેવિકાની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ૧૭ હજારથી વધુ ઉમેદવારો અનો નાયબ ચીટનીસની પરીક્ષા માટે ૨૩ હજારથી વધુ પરીક્ષાર્થીઓ જિલ્લામાં નોંધાયા છે. આ માટે જિલ્લામાં ૭૮ પરીક્ષા કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્ય બહારની UGC માન્ય યુનિ. ની લાયકાત નોકરીના હેતુ માટે માન્ય જ ગણાય

ચાલુ વર્ષે રાજ્યની તમામ જીલ્લા પંચાયતોમાં ફરજ બજાવતા MPHW કે જેઓએ વિનાયકા મિશન્સ યુનિ. તામીલનાડુ, માનવભારતી યુનિ. હિમાચલ પ્રદેશ, OPJS યુનિ. ચુરૂ હિમાલયા યુનિ. ઈટાનગરમાંથી મેળવેલ શૈક્ષણિક લાયકાતના આધારે નોકરી મેળવેલ હતી. આ અનુસંધાને ના.ગુજ. હાઈકોર્ટની LPA ના જજમેન્ટમાં થયેલ ભૂલના કારણે નોકરીમાંથી છૂટા કરવા કાર્યવાહી કરવા સરકારશ્રીએ હુકમ કરેલ જેથી આ બાબતે ના.ગુજ. હાઈકોર્ટ સમક્ષ મોડીફેકેશન માટે MCA દાખલ કરતા ભૂલ સુધારીને ઉપર મુજબની યુનિ.ઓને માન્ય ગણી માત્ર પ્રમાણપત્રોની સત્યતા તપાસવા હુકમ કરેલ હતો તેમ છતાં જે તે જીલ્લા પંચાયતો દ્વારા ખોટું અર્થઘટન કરી ને નોકરીમાંથી છૂટા કરવાની કાર્યવાહી ચાલુ રખાતા અન્ય પીટીશન દાખલ કરેલ જેમાં ના.ગુજ. હાઈકોર્ટ દ્વારા માનવભારતી યુનિ. તથા વિનાયક મિશન્સ યુનિ. ની લાયકાત ધરાવનારને છૂટા કરવાની કાર્યવાહી કરવા સામે સ્ટેટસ-કો આપેલ છે. જેથી રાજ્ય બહારની યુનિ. કે જે UGC ની માન્યતા ધરાવે છે. તેમાંથી મેળવેલ શૈક્ષણિક લાયકાત નોકરીના હેતુ માટે માન્ય જ છે. વિશેષ માર્ગદર્શન માટે 9825743744 પર સંપર્ક કરી અમદાવાદ ખાતે રૂબરૂ મળી શકો છો.

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT

Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

BENELAVE™

DR. FIXIT®

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS

Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com